નં. ક.........................
શાખા.........................

17 AUG 2021

શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ
ગાંધીનગર
શાખા.......................
17 AUG 2021
સહી.........................
ઈનવર્ડ નંબર.................

રૂબરૂ/બાય રજી.એડી.

RG477733290IN IVR:8271477733290
RL JETPUR SO <360370>
Counter No:10,17/08/2021,15:53
To:SHRI JILLA SH.RAJKOT
PIN:360370, Jetpur SO
From:YOGENDRA B GOHEL,JETPUR
Wt:40gms
Amt:30.00(Cash)
<Track on www.indiapost.gov.in>
<Dial 18002666868> <Wear Masks, Stay Safe>


અરજદાર : યોગેન્દ્રસિંહ બહાદુરસિંહ ગોહિલ,
(આર.ટી.આઈ. એક્ટીવીસ્ટ)
રહે. : જુના પાંચ પીપળા રોડ, મધુવન પાર્ક,
ચાણકય સ્કુલ પાસે,"કમાલ કૃપા"
નવાગઢ–જેતપુર(૩૬૦૩૭૫)
જી.રાજકોટ.
મો.નં. : ૯૮૯૮૭૨૫૨૯૭


પ્રતિ શ્રી,

અગ્ર સચિવ સાંહેબ,

શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, ૭–૮ મો માળ,

સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર.


બાબત : <u>શ્રી સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, જેતપુર સંચાલીત એ–સકસેસ સ્કુલ, જેતપુરના આચાર્ય અને ટ્રસ્ટીઓ દ્વારા ખોટા ડોકયુમેન્ટ રજુ કરીને માન્યતા મેળવેલ અને સ્થળ ફેરફાર કરેલ જે તાકીદ ધોરણે રદ કરવા અંગે</u>

સંદર્ભ : (૧) ક્રમાંક/મઉમશબ/હ/ટે.૨/જુન–૨૦૧૧/૩૦૧૬–૪૭, તા.૧૦/૧૦/૨૦૧૨ નો જુન–૨૦૧૧ થી ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહ (ગુજરાતી) નો મંજુરી હુકમ



(૨) પત્ર નં. મઉમશબ/શાનિ/જુન ૨૦૧૫/૨૪૫૮૧/૮૩, તા.૨૮/૧૧/૨૦૧૬ નો ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ (ગુજરાતી) વર્ગ વધારાનો મંજુરી હુકમ

(૩) પત્ર નં. મઉમશબ/શાનિ/જુન ૨૦૧૬/૨૯૮૨૮/૩૨, તા.૦૭/૦૪/૨૦૧૭ નો ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહ (અંગ્રેજી) નો મંજુરી હુકમ



(૪) પત્ર નં. મઉમશબ/શાનિ/જુન ૨૦૧૭/૨૨૭૮૪/૮૮, તા.૧૬/૦૨/૨૦૧૮ નો ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ (અંગ્રેજી) વર્ગ વધારાનો મંજુરી હુકમ

(૫) સંદર્ભ ૧ થી ૪ અન્વયેની અરજીમાં રજુ કરેલ રે.સ.નં.૫૫ પૈકી, પ્લોટ નં.૧૮,૧૯ બી.યુ.પી. તા.૨૧/૧૨/૨૦૦૯

(૬) જે.ન.ન.પા.સર્વે જા.નં.૬૧૭ તા.૨૫/૦૨/૨૦૨૦ અન્વયે

(૭) સ્થળ ફેરફારની અરજીમાં રજુ કરેલ રે.સ.નં.૮૨ પૈકી ૧, પ્લોટ નં.૨૦ થી ૨૭ તથા પ્લોટ ૩૪ થી ૪૧ બી.યુ.પી. તા.૧૨/૧૦/૨૦૧૭

(૮) જે.ન.ન.પા.સર્વે જા.નં.૬૫૪ તા.૧૩/૦૩/૨૦૨૦ અન્વયે

પાના...૨

(૯) ધોરણ ૯ ની મંજુરી માટે રજુ કરેલ રે.સ.નં.૮૨ પૈકી ૧, પ્લોટ નં.૨૦ થી ૨૭ તથા પ્લોટ ૩૪ થી ૪૧ બી.યુ.પી.જે.ન.ન.પા.સર્વે જા.નં.૨૭૭ તા.૦૧/૦૯/૨૦૨૦

(૧૦) હરેશભાઈ બળવંતભાઈ વૈશ્નવને બાંધકામ ખસેડવા અંગે આપવામાં આવેલ નોટીસ જે.ન.ન.પા.સર્વે જા.નં.૧૭૯ તા.૨૫/૦૬/૨૦૧૮

(૧૧) સંદર્ભ ૭ ના બી.યુ.પી.માં કમ્પ્લીશન સર્ટીફીકેટ ન હોય, તે અંગેનો પત્ર જે.ન.ન.પા.સર્વે જા.નં.૧૧૧ તા.૨૧/૦૬/૨૦૨૧

(૧૨) એ—સકસેસ સ્કુલને ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ શો—કોઝ નોટીસ તા.૧૦/૦૭/૨૦૨૦

(૧૩) એ—સકસેસ સ્કુલ દ્વારા ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડને આપવામાં આવેલ શો—કોઝ નોટીસનો ખુલાશો તા.૧૫/૦૭/૨૦૨૦

(૧૪) શો—કોઝ નોટીસનો ખુલાશો ગ્રાહય ન રાખવા બાબતે અમો અરજદારની અરજી તા.૨૬/૦૯/૨૦૨૦

(૧૫) સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડએ પ્રાદેશિક કમિશ્નર, રાજકોટ પાસે ઉપરોકત સંદર્ભ ૫ તથા ૭ વાળા બી.યુ.પી. અંગે માંગેલ ખુલાશો તા.૨૪/૦૯/૨૦૨૦

(૧૬) અધિક કલેકટર શ્રી, નગરપાલીકા પ્રાદેશિક કમિશ્નર, રાજકોટના પત્ર ક્રમાંક નં.પ્રા.ક./વ.યુ—૨/જેતપુર નવાગઢ/ વશી—૧૧૫૧/૨૦૨૦/૩૮૪૪, તા.૦૮/૧૦/૨૦૨૦—

(૧૭) જે.ન.ન.પા.નો સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડને સંદર્ભ ૧૫ અન્વયે આપેલ ખુલાશો સર્વે જા.નં.૪૫૫, તા.૨૮/૧૦/૨૦૨૦

(૧૮) જે.ન.ન.પા.સર્વે જા.નં.૧૧૧ તા.૨૧/૦૬/૨૦૨૧

(૧૯)ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ની તા.૧૧/૦૬/૨૦૨૧ ની કારોબારી સમીતીના ઠરાવ ક્રમાંક ૯૬૭/૨૦૨૧ —નોટ એપ્રુવડ

(૨૦) એપ્સીલોન સ્કુલની મંજુરી માટેની ઓનલાઈન અરજી તા.૨૧/૦૩/૨૦૧૮—

(૨૧) એ—સકસેસ સ્કુલનો સ્થળ ફેરફારની મંજુરી રદ કરતો હુકમ તા.૦૯/૧૦/૨૦૧૮—

(૨૨) સચિવશ્રી ગાંધીનગર, તેમજ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટને ફાઈલ રી—ઓપન કરવા આપેલ અરજી તા.૨૫/૦૬/૨૦૨૧

(૨૩) સચિવશ્રી ગાંધીનગર, પ્રાદેશીક કમિશ્નરશ્રી, રાજકોટ તેમજ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટને ફાઈલ રી—ઓપન કરવા આપેલ અરજી તા.૧૩/૦૭/૨૦૨૧

**(૨૪) સને ૨૦૦૯ અને ૨૦૧૭ વાળા બંને બી.યુ.પી. સર્ટી ખોટા રજુ કરવામાં આવેલ હોય, તે અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ ફરીયાદ, અરજી તા.૦૮/૦૬/૨૦૨૧**

**(૨૫) સંદર્ભ ૧૯ ની અરજી અન્વયે તપાસ ચાલુ હોવા અંગે જેતપુર સીટી પી.આઈ. સાહેબ દ્વારા આપવામાં આવેલ જવાબ**

આથી અમો અરજદારની આપ સાહેબને અરજ કરવાની કે, અમો અરજદારની આ અરજીની હકીકત ટુંકમાં નીચે મુજબ છે. જે ધ્યાને લેવા નમ્ર અરજ છે.

(૧) શ્રી સરસ્વતી એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, જેતપુરની એ–સકસેસ સ્કુલ, જેતપુરની સચિવ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના હુકમ ક્રમાંક/મઉમશબ/હ/ટે.૨/જુન–૨૦૧૧/૩૦૧૬–૪૭, તા.૧૦/૧૦/૨૦૧૨થી ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહ (ગુજરાતી) વર્ગની મંજુરી આપવામાં આવેલ.(જે સંદર્ભ ૧ થી ૪ મુજબ રજુ છે.)

આ શાળાની મંજુરીની દરખાસ્ત વખતે જે બી.યુ.પી. તા.૨૧/૧૨/૨૦૦૯ વાળુ રજુ કરવામાં આવેલ તે બી.યુ.પી. સર્ટી ખોટું અને બનાવટી રજુ થયેલ છે. (જે સંદર્ભ ૫ થી રજુ છે.)

(૨) **સંદર્ભ ૧ થી** ૪ વાળી મંજુરીની દરખાસ્ત વખતે જે બી.યુ.પી. તા.૨૧/૧૨/૨૦૦૯ વાળુ રજુ કરવામાં આવેલ જે અંગે અમો અરજદારે નગરપાલીકામાં ખરાઈ કરતા સર્વે જા.નં.૬૧૭, તા.૨૫/૦૨/૨૦૨૦ ના પત્રમાં જણાવેલ છે કે, **અત્રેની શાખાનું રેકર્ડ ચકાસતા અત્રેની કચેરીના સર્વે શાખા દ્વારા તા.૨૧/૧૨/૨૦૦૯ ના રોજ બી.યુ.પી. (મકાન વપરાશનું પ્રમાણપત્ર) આપેલ નથી. જેની નોંધ લેશો.** જેથી તે ખોટું અને બનાવટી રજુ કરવામાં આવેલ છે. તે સ્પષ્ટ રીતે સાબીત થાય છે. (જે સંદર્ભ ૬ થી રજુ છે.)

(૩) શ્રી સરસ્વતી એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત એ–સકસેસ સ્કુલ, જેતપુરમાં રે.સ.નં.૫૫ પૈકી, પ્લોટ નં.૧૮,૧૯ વાળા સ્થળે એટલે કે અમરનગર રોડ, જમાદાર વાડી, જેતપુરમાં આવેલ હોય, જે એ–સંકસેસ સ્કુલના ટ્રસ્ટીઓ દ્વારા ભાડુતી સ્કુલ બિલ્ડીગ અન્ય જગ્યાએ ભાડે મળેલ હોય, જેની સ્થળ **ફેરફારની મંજુરીની દરખાસ્ત** વખતે તા.૧૨/૧૦/૨૦૧૭ વાળુ રજુ કરવામાં આવેલ તે બી.યુ.પી. સર્ટી ખોટું અને બનાવટી રજુ થયેલ છે. (જે સંદર્ભ ૭ થી રજુ છે.)

સ્થળ ફેરફારની મંજુરીની દરખાસ્ત વખતે જે બી.યુ.પી. તા.૧૨/૧૦/૨૦૧૭ વાળુ રજુ કરવામાં આવેલ જે અંગે અમો અરજદારે નગરપાલીકામાં ખરાઈ કરતા સર્વે જા.નં.૬૫૪, તા.૧૩/૦૩/૨૦૨૦ ના

પાના...૪

**પત્રમાં જણાવેલ છે કે, અત્રેની શાખાનું રેકર્ડ ચકાસતા અત્રેની કચેરીના સર્વે શાખા દ્વારા તા.૧૨/૧૦/૨૦૧૭ ના રોજ બી.યુ.પી. (મકાન વપરાશનું પ્રમાણપત્ર) આપેલ નથી. જેની નોંધ લેશો.** જેથી તે બી.યુ.પી. પણ ખોટું અને બનાવટી રજુ કરવામાં આવેલ છે. તે સ્પષ્ટ રીતે સાબીત થાય છે. (જે સંદર્ભ ૮ થી રજુ છે.)

(૪) એ–સકસેસ સ્કુલ દ્વારા ધોરણ ૯ ની મંજુરીની દરખાસ્ત માટે રે.સ.નં.૮૨ પૈકી ૧, પ્લોટ નં.૨૦ થી ૨૭ તથા પ્લોટ ૩૪ થી ૪૧ બી.યુ.પી.જે.ન.ન.પા.સર્વે જા.નં.૨૭૭ તા.૦૧/૦૯/૨૦૨૦ જે બી.યુ.પી. રજુ કરેલ છે. તે નગરપાલીકા દ્વારા આપેલ હોય, જે નિયમ વિરૂધ્ધનું હોય, (જે સંદર્ભ ૯ થી રજુ છે.)

જેતપુર નવાગઢ નગરપાલીકા દ્વારા તા.૦૧/૦૯/૨૦૨૦ નું બી.યુ.પી.આપેલ છે. જે સર્વે નં.૮૨ પૈકી ૧, પ્લોટ નં.૨૦ થી ૨૭ તથા ૩૪ થી ૪૧ ઉપર જે બાંધકામ થયેલ છે. તેના પરવાનગી નં.૬૧, તા.૦૫/૦૮/૨૦૧૭ થી મંજુરી મેળવેલ તેમાં નકશામાં બતાવેલ બાંધકામ વિરૂધ્ધનું બાંધકામ કરેલ છે. જેથી તે બાંધકામ તાત્કાલીક દુર કરવા નોંધ લેશો. અને તે દુર કરવામાં નહી આવે, તો નગરપાલીકા તમારી સામે કાયદેસરની કાર્યવાહી કરી, ગેરકાયદેસર બાંધકામ દુર કરશે. તેવુ એ–સકસેસ સ્કુલ બિલ્ડીગના માલીક હરેશભાઈ બળવંતભાઈ વૈશ્નવને જણાવેલ. જે જેતપુર નવાગઢ નગરપાલીકાના ચીફ ઓફીસરને જે નોટીસ ધ્યાને હોય, તેમ છતા તે બાંધકામ સ્કુલ બિલ્ડીગના માલીકે ખસેડેલ ન હોય, જેથી તેને કમ્પ્લીશન સર્ટી મળવા પાત્ર ન હોય, તેમ છતા કમ્પ્લીશન સર્ટી વિના આ બી.યુ.પી. સર્ટી આપવામાં આવેલ છે. જે ગેરકાયદેસર અને નિયમ વિરૂધ્ધનું છે. (જે સંદર્ભ ૧૦ થી રજુ છે.)

(૫) હરેશભાઈ બળવંતભાઈ વૈશ્નવ દ્વારા તા.૦૧/૦૯/૨૦૨૦ ના બી.યુ.પી. અન્વયે કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવવા બાબતે જેતપુર નવાગઢ નગરપાલીકા પાસે અરજી કરેલ નથી. કારણ કે તેઓનું બિલ્ડીગનું બાંધકામ નિયમ વિરૂધ્ધનું હોય, જેથી તેઓ દ્વારા ફરી વખત રીવાઈઝડ પ્લાન મુકવામાં આવેલ હોય, જે રીવાઈઝડ પ્લાનને મંજુરી મળવા પાત્ર નથી.

કારણ કે તેઓએ પોતાનું નિયમ વિરૂધ્ધનું બાંધકામ ખસેડેલ ન હોય, અને જે–તે સ્થિતિમાં બાંધકામ હોય, જેથી તેઓને કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવેલ નથી. આમ આ બી.યુ.પી. કમ્પ્લીશન સર્ટીના અભાવે આપવામાં આવેલ હોય, જેથી આ બી.યુ.પી. નિયમ વિરૂધ્ધનુ આપેલ છે. (જે સંદર્ભ ૧૧ થી રજુ છે.)

(૬) એ–સકસેસ સ્કુલને ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ શો–કોઝ નોટીસ તા.૧૦/૦૭/૨૦૨૦ માં જણાવવામાં આવેલ છે કે, જુના સ્થળે ધો.૧૧ અને ૧૨ ની મંજુરી અને સ્કુલ બિલ્ડીગ સ્થળ ફેરફારમાં સંદર્ભ ૫ અને સંદર્ભ ૭ વાળા બી.યુ.પી. ધ્યાને લઈ દરખાસ્ત તેમજ સ્થળ ફેરફાર

માટે રજુ કરેલ હોય, જે બી.યુ.પી. ધ્યાને લઈ સરસ્વતી એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ અને મંત્રીશ્રીને શો–કોઝ નોટીસ પાઠવેલ. (જે સંદર્ભ ૧૨ થી રજુ છે.)

(૭) ઉપરોકત સંદર્ભ ૧૨ વાળી નોટીસ અન્વયે એ–સકસેસ સ્કુલ દ્વારા ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડને તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ ખુલાશો પોતાના જ લેટરપેડ ઉપર પોતે જ સાબીત કરે છે કે ઉપરોકત સંદર્ભ ૫ અને સંદર્ભ ૭ વાળા બી.યુ.પી.નગરપાલીકાના રેકર્ડ પર નથી.

પરંતુ વિશેષમાં જણાવે છે કે, નગરપાલીકાના ચીફ ઓફીસર શ્રી દ્વારા તા.૩૦/૦૬/૨૦૨૦ થી યોગેન્દ્રસિંહ ગોહિલ (અરજદાર) ને પ્રત્યુતર પાઠવી વિગતવાર માહિતી પુરી પાડેલ છે. જેની નકલ રજુ કરેલ છે. તે જવાબ ગ્રાહય રાખી શકાય નહી. (જે સંદર્ભ ૧૩ થી રજુ છે.)

(૮) એ–સકસેસ સ્કુલ દ્વારા આપવામાં આવેલ શો–કોઝ નોટીસનો ખુલાશો ગ્રાહય ન રાખવા બાબતે અમો અરજદારે તા.૨૬/૦૯/૨૦૨૦ ના રોજ અરજીથી રજુઆત કરેલ છે કે, "નવનીત સી. પટેલ ચીફ ઓફીસરને અમોએ લીગલ નોટીસ આપેલ હોય, જેમાં ઉપરોકત બંને બી.યુ.પી. બાબતે ચીફ ઓફીસર નવનીત સી. પટેલ જાણતા ન હોય, તેવો પોતાના એડવોકેટ મારફત જવાબ આપેલ."

અને અમો અરજદારને તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ કચેરીના સર્વે જા.નં.૧૩૨ થી નવનીત સી. પટેલ ચીફ ઓફીસરે જણાવેલ કે, "મકાન વપરાશના પ્રમાણપત્ર માટે નિયત નમુના ફોર્મમાં જે–તે સમયના ચીફ ઓફીસર પાસે રૂબરૂ રજુ કરી સહી કરાવેલ હોવાનું માલુમ પડે છે." (જે સંદર્ભ ૧૪ થી રજુ છે.)

આમ, ઉપરોકત પેરા ૮ મુજબ એક જ વ્યકિત (ચીફ ઓફીસર નવનીત સી. પટેલ) દ્વારા બે અલગ અલગ જવાબ આપવામાં આવેલ હોય, જેથી શો કોઝ નોટીસનો ખુલાશો ગ્રાહય રાખી શકાય નહી.

(૯) સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડએ પ્રાદેશિક કમિશ્નર, રાજકોટ પાસે ઉપરોકત સંદર્ભ ૫ તથા ૭ વાળા બી.યુ.પી. અંગે ખુલાશો તા.૨૪/૦૯/૨૦૨૦ ના રોજ વાળાં પત્રમાં જણાવેલ છે કે, "જેતપુર નવાગઢ નગરપાલીકા કચેરી દ્વારા જે પ્રમાણપત્ર ઈશ્યુ થાય છે તેની ચકાસણી કરી, અત્રેની કચેરીએ જાણ કરવા જણાવેલ. જેથી આગળની કાર્યવાહી થઈ શકે. અને ચીફ ઓફીસર જેતપુર નવાગઢ નગરપાલીકાના પત્રોમાં એકચ્યુઅલ ભુલ થયેલ જણાતુ હોય, આ બાબતે ઉંડાણ પુર્વક તપાસ કરીને અત્રેની કચેરીએ જાણ કરવા જણાવેલ. (જે સંદર્ભ ૧૫ થી રજુ છે.)

(૧૦) અધિક કલેકટર શ્રી, નગરપાલીકા પ્રાદેશિક કમિશ્નર, રાજકોટના પત્ર ક્રમાંક નં.પ્રા.ક./વ.યુ–૨/જેતપુર નવાગઢ/ વશી–૧૧૫૧/૨૦૨૦/૩૮૪૪, તા.૦૮/૧૦/૨૦૨૦ થી ચીફ ઓફીસરને શ્રી સરસ્વતી એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત એ–સકસેસ સ્કુલ, જમાદાર વાડી, અમરનગર રોડ, જેતપુરની

પાના...૬

શાળાની મંજુરી આપવા બાબતની અને સ્થળ ફેરફાર કરવા બાબતની દરખાસ્તમાં સંદર્ભ ૧૫ વાળા પત્રથી પુર્તતા કરવા જણાવેલ. (જે સંદર્ભ ૧૬ થી રજુ છે.)

(૧૧) જે.ન.ન.પા.નો સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડને સંદર્ભ ૧૫ અન્વયે આપેલ ખુલાશો સર્વે જા.નં.૪૫૫, તા.૨૮/૧૦/૨૦૨૦ માં હાલના ચીફ ઓફીસર શ્રી અશ્વિનભાઈ ગઢવી પોતે સાબીત કરે છે કે સંદર્ભ ૫ અને ૭ વાળા બંને બી.યુ.પી. રેકર્ડ ચકાસતા અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ હોય તેવુ જણાતુ નથી. અને સર્વે જા.નં.૨૭૭ વાળુ બી.યુ.પી. જે–તે સમયના ચીફ ઓફીસર દ્વારા નિયમ વિરૂદ્ધ આપવામાં આવેલ હોય, જે ગેરકાયદેસર છે. જેથી જેતપુર નવાગઢ નગરપાલીકાનો જવાબ ગ્રાહય રાખી શકાય નહી. (જે સંદર્ભ ૧૭ થી રજુ છે.)

(૧૨) જે.ન.ન.પા.સર્વે જા.નં.૧૧૧ તા.૨૧/૦૬/૨૦૨૧ ના પત્રથી અમો અરજદારને જણાવેલ કે, સર્વે જા.નં.૨૭૭ તા.૦૧/૦૯/૨૦૨૦ થી આપેલ બી.યુ.પી. રદ કરવાની સતા અમોને ન હોય, જેથી અત્રેથી અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. (જે સંદર્ભ ૧૮ થી રજુ છે.)

(૧૩) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ની તા.૧૧/૦૬/૨૦૨૧ ની કારોબારી સમીતીના ઠરાવ ક્રમાંક ૯૬૭/૨૦૨૧.એ–સકસેસ સ્કુલને મંજુરી આપવામાં આવેલ નથી. (જે સંદર્ભ ૧૯ થી રજુ છે.)

(૧૪) એપ્સીલોન સ્કુલ દ્વારા મંજુરી માટે ઓનલાઈન તા.૨૧/૦૩/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ અરજી રજુ છે. જે અરજી પરથી સ્પષ્ટ સાબીત થાય છે કે, એ–સકસેસ સ્કુલ દ્વારા મંજુરી મેળવ્યા વિના સ્થળ ફેરફાર કરવામાં આવેલ છે. (જે સંદર્ભ ૨૦ થી રજુ છે.).

(૧૫) એ–સકસેસ સ્કુલનો સ્થળ ફેરફારની મંજુરી રદ કરતો તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજનો હુકમ કરવામાં આવેલ. જે હુકમ બાદ પણ હાલ બિનઅધિકૃત રીતે અને કોઈપણ જાતની મંજુરી વિના એ–સકસેસ સ્કુલ, જુનાગઢ રોડ, માર્કેટીંગ યાર્ડ સામે, જેતપુર મુકામે ચાલુ છે. (જે સંદર્ભ ૨૧ થી રજુ છે.)

(૧૬) સને ૨૦૦૯ અને ૨૦૧૭ વાળા બંને બી.યુ.પી. સર્ટી આપની કચેરીમાં ખોટા રજુ કરવામાં આવેલ હોય, જે અંગે અમો અરજદારે ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સચિવશ્રીને તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ અને ડી.ઈ.ઓ. કચેરીને તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ ફરીયાદ કરવા અંગે લેખીત જાણ કરેલ. તેમ છતા આજદિન સુધી ઉપરોકત ખોટા બી.યુ.પી. સર્ટી અન્વયે અમો અરજદારના પુરાવા ધ્યાને ન લઈ ખોટી રીતે ફાઈલ કલોઝ કરેલ છે.

જેથી અમો અરજદારે સચિવશ્રી ગાંધીનગર, પ્રાદેશિક કમિશ્નરશ્રી, રાજકોટ તેમજ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટને તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ ફાઈલ રી–ઓપન કરવા અરજી આપેલ. પરંતુ

અમો અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ પત્ર સર્વે જા.નં.૧૨૨, તા.૨૨/૦૬/૨૦૨૧ ઘ્યાને લીધેલ નથી, અને અમો અરજદારની ફાઈલ રી–ઓપન કરવામાં આવેલ નથી. (જે સંદર્ભ ૨૨ થી રજુ છે.)

(૧૭) ઉપરોકત પારા ૧૬ વાળી ફાઈલ રી–ઓપન કરવા અરજી આપેલ છતા ફાઈલ રી–ઓપન કરવામાં આવેલ નથી કે અન્ય કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

જેથી અમો અરજદારે ફરીથી સચિવશ્રી ગાંધીનગર, પ્રાદેશિક કમિશ્નરશ્રી, રાજકોટ તેમજ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટને તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ વધુ ૧ થી ૪ પુરાવાઓ રજુ રાખી, સંદર્ભ ૫ અને ૭ વાળા બી.યુ.પી. ખોટા અને બનાવટી હોય, જે આ અરજીમાં રજુ રાખેલ પુરાવાઓથી સ્પષ્ટ પણે સાબીત થાય છે. છતા પણ અમો અરજદારની આ અરજી આજ દિન સુધી ઘ્યાને લેવામાં આવેલ નથી. (જે સંદર્ભ ૨૩ થી રજુ છે.)

(૧૮) સને ૨૦૦૯ અને ૨૦૧૭ વાળા બંને બી.યુ.પી. સર્ટી ખોટા રજુ કરવામાં આવેલ હોય, જે બાબતે જેતપુર નવાગઢ નગરપાલીકાના ચીફ ઓફીસરશ્રીઓને, જીલ્લા શિક્ષણાધિકારી, રાજકોટને તથા ગુ.મા. અને ઉ.મા. શિક્ષણબોર્ડ ગાંધીનગરને લેખીત જાણ કરેલ હોય, તેમ છતા ઉપરોકત પૈકી કોઈપણ અધિકારી દ્વારા ખોટા અને બનાવટી બી.યુ.પી. રજુ કરવા અંગે જવાબદાર વ્યકિતઓ સામે ફરીયાદ કરવામાં આવેલ ન હોય, જેથી અમો અરજદારે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ રૂબરૂ ફરીયાદ આપેલ. (જે સંદર્ભ ૨૪ થી રજુ છે.)

(૧૯) સંદર્ભ ૨૪ ની અરજી અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો અમો અરજદારે જાહેર માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીથી માંગતા, જેતપુર સીટી પી.આઈ. સાહેબ દ્વારા અમોને "હાલ તપાસ ચાલું છે." તેવો જવાબ આપવામાં આવેલ. (જે સંદર્ભ ૨૫ થી રજુ છે.)

ઉપરોકત હકીકતે સંદર્ભ ૫ અને ૭ વાળા બી.યુ.પી. અંગે તકરારો ચાલતી હોવા છતા, એ–સકસેસ સ્કુલ, જેતપુર દ્વારા સ્થળ ફેરફારની દરખાસ્તમાં પણ ખોટા બી.યુ.પી. તેમજ બાંધકામ મંજુરી ન હોવા છતા બનાવટી નકશા ઉભાં કરી, કાગળ રજુ કરી, અન્ય ખોટી વિગતો દર્શાવી શ્રી જીલ્લા શિક્ષણાધિકારી સાહેબ રાજકોટ પાસે સ્થળ ફેરફારનો હુકમ કરાવેલ. જે નિયમ વિરૂદ્ધ હોય ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની કારોબારી તા.૦૭/૦૯/૨૦૧૮ ના ઠરાવ નં.૪૦૩/૨૦૧૮ થી રદ કરવામાં આવેલ.

ત્યારબાદ અમારી રજુઆતો બાદ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડે એ–સકસેસ સ્કુલની મંજુરી રદ કરવાની કાર્યવાહી ચાલુ હોવાનું અમોને તા.૧૫/૦૧/૨૦૨૦ ના રોજ માહિતી આપેલ. આમ છતા પણ સરસ્વતી એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને એ–સકસેસ સ્કુલના આચાર્યએ તંત્રને ગેરમાર્ગે દોરી

પાના...૮

સ્થળ ફેરફારનો હુકમ અને ધો.૧૧ સામાન્ય પ્રવાહનો વર્ગ વધારાનો હુકમ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડમાંથી મેળવેલ હોવાનું જાણવામાં આવેલ છે. જે રદ થવા પાત્ર હોય, આ હુકમ રદ કરવા યોગ્ય થવા વિનંતી.

તેમજ સને.૨૦૧૭ ના વર્ષથી આ શાળા બિનઅધિકૃત રીતે સર્વે નં.૫૫ ની મુળ જગ્યાને બદલે સર્વે નં.૮૨ પૈકી ૧ જુનાગઢ રોડ, જેતપુર સ્થળે ચલાવવામાં આવતી હતી. જેના પુરાવા જાહેરાતના પેમ્પલેટ તથા જાહેર જનતાની જાણકારીના સાંયોગીક પુરાવા અને રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતા શ્યોમોટો જણાય આવે છે.

– શાળાની મંજુરીની દરખાસ્તમાં ખોટું બી.યુ.પી. રજુ કરેલ હોય, જે અંગેની પોલીસ તપાસની કાર્યવાહી હાલ ચાલુ છે. જેથી શાળાની મંજુરી પ્રથમથી જ રદ થવા પાત્ર છે.

– શાળાની મંજુરીની દરખાસ્તમાં શાળાને સંલગ્ન મેદાન ન હોય, જેથી પણ મંજુરી રદ થવા પાત્ર છે.

– સ્થળ ફેરફારની દરખાસ્તમાં ખોટા બી.યુ.પી. તેમજ બાંધકામ મંજુરીના ખોટા હુકમ અને નકશા દર્શાવેલ હોય, રદ થવા પાત્ર છે.

– સ્થળ ફેરફારની મંજુરી વગર ૨૦૧૭ થી બિનઅધિકૃત સ્થળ ઉપર શાળા ચલાવાતી હોવાના રેકર્ડ ઉપરના તેમજ સાંયોગીક પુરાવાથી શ્યોમોટો સાબીત થતુ હોય, શાળાની મંજુરી રદ થવા પાત્ર છે.

– બાંધકામના નિયમો મુજબનું બાંધકામ ન હોય, બિનઅધિકૃત બાંધકામ વાળી જગ્યા ઉપર શાળાની મંજુરી આપી શકાય નહી. જેથી શાળાની મંજુરી રદ થવા પાત્ર છે.

– કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ પોતે જ પોતાનો ન્યાયાધિશ બની શાળાનો સ્થળ ફેરફાર મંજુરી વગર કરેલ. તથા ખોટા પુરાવા રજુ હોય છતા વર્ગવધારાનો હુકમ કરાવેલ હોય, મંજુરી રદ થવા પાત્ર છે.

– સમયમર્યાદામાં શાળાની મંજુરી રદ કરવામાં ન આવે તો, ભારતના સંવિધાન આર્ટીકલ ૨૨૬ ની જોગવાઈ મુજબ નામદાર હાઈકોર્ટમાં કાનુની કાર્યવાહી કરવા માટે અમો હક્કદાર છીએ. જેની નોંધ લેશો.

– અમારી આ રજુઆતને અરજી તેમજ નોટીસ સમજી આગળની કાર્યવાહી સમય મર્યાદામાં કરી, શાળાની મંજુરીનો હુકમ અને વર્ગવધારાનો હુકમ રદ કરવા વિનંતી છે.

જેતપુર

તા.૧૭/૦૮/૨૦૨૧ પાના ને ૧ થી ૮

.................................

યોગેન્દ્રસિંહ બહાદુરસિંહ ગોહિલ

નકલ રવાના જાણ સારૂ

૧. સચિવ શ્રી ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

૨. જીલ્લા શિક્ષણાધિકારી શ્રી, રાજકોટ